# પાલનપુર માર્કેટયાર્ડના નવા ચેરમેન વાઈસ ચેરમેનની સર્વાનુમતે વરણી

પાલનપુર તાલુકાની ઘી ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતિ ના નવા સંચાલક મંડળ ની ચૂંટણી ના પરિણામ તાજેતરમાં જાહેર થયા બાદ આજ રોજ પાલનપુર માર્કેટયાર્ડ ખાતે ચૂંટણી અધિકારી ના અધ્યક્ષ સ્થાને ચેરમેન અને વાઈસ ચેરમેન ની ચૂંટણી પ્રકિયા હાથ ધરવામાં આવી હતી.જેમાં ચેરમેન પદે ફતાભાઈ ધરિયા અને વાઈસ ચેરમેન પદે ભગુભાઈ પટેલ ના નામના માત્ર બે ફોર્મ રજુ થતા તેમને સર્વાનુમતે જાહેર કરવામાં આવ્યા હતા. પાલનપુર ના નવા સંચાલક મંડળ નો સમયગાળો પાંચ વર્ષ સુધીનો છે ત્યારે ચેરમેન ફતાભાઈ ધરિયા અને વાઈસ ચેરમેન ભગુભાઈ પટેલ ને ખેડૂતો અને વેપારીઓ ધ્વારા ફુલહાર અને શાલ ઓઢાડીને શુભેચ્છાઓ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.મીડિયા સાથે ની વાતચીત માં નવનિયુક્ત પાલનપુર માર્કેટયાર્ડ ના ચેરમેન અને વાઈસ ચેરમેન એ જણાવ્યું હતું કે ખેડૂતો અને વેપારીઓ ના હિત ને લઈને વિકાસલક્ષી કામ કરવાની ખાતરી વ્યક્ત કરી હતી.

ચેરમેન અને વાઈસ ચેરમેન ની સર્વાનુમતે બિનહરીફ વરણી થયા બાદ માર્કેટ યાર્ડ ના સંકુલમાં અભિવાદન સમારોહ નું આયોજન કરવામાં આવ્યું હતું . મંત્રી શંકરભાઇ ચૌધરી ના અધ્યક્ષ સ્થાનમાં યોજાયેલ અભિવાદન સમારોહ પ્રસંગે કેબિનેટ કક્ષા ના મંત્રી દિલીપ ઠાકોર ,રાજ્ય કક્ષાના મંત્રી કેશાજી ચૌહાણ , પ્રદેશ ભાજપ મહા મંત્રી કે.સી.પટેલ , પાટણ ના સાંસદ લીલાધર વાઘેલા , સંસદીય સચિવ ભરતસિંહ ડાભી સહીત જીલ્લા ના સ્થાનિક રાજકીય આગેવાનો , ખેડૂતો તેમજ વેપારીઓ મોટી સંખ્યા માં હાજર રહ્યા હતા.આ અભિવાદન સમારોહ પ્રસંગે મંત્રી શંકરભાઇ ચૌધરી એ પાલનપુર માર્કેટયાર્ડ ના નવનિયુક્ત સંચાલક મંડળ ને ટકોર કરતા પોતાના કડવા પ્રવચન માં જણાવ્યું હતું કે વેપારીઓ અને ખેડૂતો ના હિત ને ધ્યાન માં લઈ માર્કેટયાર્ડ ના વિકાસ માટે કઠોર નિર્યણ લેવામાં પોતાના રાજકીય હીત પર વિચાર ન કરવાની જાહેર માં સલાહ આપી હતી.



## ખેડબ્રહ્મામાંથી પાંચ શકુની ઝડપાયા

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મામાં આવેલ ઈન્દીરાનગરની ખુલ્લી જગ્યામાંથી શુક્રવાર સાંજના પોલીસે ગંજીપાનાનો હાર-જીતનો જુગાર રમતા પાંચ શકુનીઓને ઝડપી પાડ્યા હતા.

ખેડબ્રહ્મા પોલીસને બાતમી મળી હતી કે ખેડબ્રહ્માના ઈન્દીરાનગરની ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમે છે. જેને આધારે પોલીસે છાપો મારતા ઈન્દીરાનગરમાં જુગાર રમતા હિંમતભાઈ સોમાભાઈ વસાવા, અમૃતભાઈ ગુલાબભાઈ બારૈયા, રમેશભાઈ જુહાભાઈ વાઘેલા, સુરેશભાઈ હસાભાઈ વસાવા, નિલેશભાઈ બાબુભાઈ વસાવા (તમામ રહે. ઈન્દીરાનગર)ને પકડી તેમની પાસેથી રૂ. ૩૦૦૦ રોકડ તથા બે મોબાઈલ રૂ. ૨૦૦૦ તથા પત્તા મળી આવ્યા હતા. જેથી પોલીસે જુગાર ધારા મુજબ પકડી હવાલાતમાં મોકલી દીધા હતા.

# પ્રાંતિજ ખાતે છ યુવાનોના મૃત્યુ બાદ પોલીસ દ્વારા લીઝધારકો સામે ગુનો નહી નોંધાતા હોબાળો

### પાટીદાર સમાજ દ્વારા લીઝ ધારકોને કડકમાં કડક સજા થાય તેને લઈને સેવાસદનમાં પહોંચ્યા

પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના રાસલોડ ગામના છ યુવાનો પાણીમાં ડુબી જવાથી મોતને લઈને લીઝ ધારકો સામે ગુનો નોંધવા યુવકના સ્નેહીજનો



તથા પાટીદાર સમાજ દ્વારા તાલુકા સેવા સદન ખાતે હોબાળો કર્યો હતો.

પ્રાંતિજના ગલતેશ્વર પાસે આવેલ સાબરમતી નદીમાં પાણીમાં નાહાવા પડેલા છ યુવાનો પાણીમાં ડુબી જવાથી મોતને લઈ કરવામાં આવેલ પંચનામામાં લીઝ ધારકો દ્વારા ખોદકામ નવ ફૂટના બદલે વધારે કરી નાંખવામાંની વાત બહાર આવતા આ ઘટનાને લઈને આક્રોશ સાથે લીઝ ધારકો સામે કડકમાં કડક કાર્યવાહી સાથે માંગ સાથે તાલુકા સેવા સદન ખાતે પાટીદાર સમાજના આગેવાનો સહિત સ્નેહીજનો ઉમટી પડ્યા હતા. જ્યારે આ અંગેની જાણ ડીવાયએસપી શ્રીવાસ્તવને થતાં તેવો હિંમતનગરથી પ્રાંતિજ ખાતે દોડી આવ્યા હતા. અને કાયદો હાથમાં ન લેવા સહિત તપાસ બાદ ઘટતી કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું જણાવ્યું હતું. જ્યારે પ્રાંત અધિકારી એ.આર. ચૌધરી હાજર ના હોવાથી ડીવાયએસપી દ્વારા મામલો થારે પડ્યો હતો જ્યારે પાટીદાર સમાજના લોકો હિંમતનગર ખાતે આવેલ



જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પણ આજે રજુઆત કરવા ગયા હતા. અને યોગ્ય કાર્યવાહી કરવા જણાવ્યું હતું. અને યોગ્ય તપાસ નહી થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચિમકી આપી હતી.



## મોડાસાના બાલકદાસજી મંદિરમાં હિંડોળાના દર્શન

પ્રવિત્ર શ્રાવણ માસમાં ઈન્દ્ર ભગવાનને પ્રસન્ન કરવામાં હિન્દુ ધર્મમાં હિંડોળાનું મહત્વ ખુબજ વધુ છે. જિલ્લાના અનેક મંદિરોમાં વિવિધ હિંડોળાના દર્શનાર્થે ભક્તો ઉમટી પડે છે. મોડાસાના બાલકનાથજી મંદિરમાં પણ ચલણી સિક્કા અને ચલણી નોટોના હિંડોળા બનાવી પ્રભુને પારણે જુલાવવામાં આવ્યા હતા. ભગવાનને હિંડોળે ઝુલાવી ભક્તો ધન્યતા અનુભવી હતી. હિંડોળાને કલાત્મક શણગારવા માટે ફ્રૂટ, ફળફળાદી, સુકા મેવા, ચોકલેટ, ફૂલો, ચલણી નોટોનો મંદિરોમાં ઉપયોગ કરી પ્રભુ ભક્તિ કરવાનો અવસર ભક્તો ચુકતા નથી.

# મોડાસામાં ગુજરાત મેજર રેન્કીંગ ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટનો પ્રારંભ

મોડાસા, તા. ૨૦

મોડાસામાં અરવલ્લી જિલ્લા ટેબલ ટેનિસ એસોસીએશન દ્વારા ૫ મી ઓપન ગુજરાત મેજર રેન્કીંગ ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટનો તા. ૨૦ ઓગષ્ટથી પ્રારંભ કરાયો હતો. જે.બી. શાહ ઈંગ્લિશ મીડીયમ સ્કૂલ, જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલ, પાલિકા પ્રમુખ વનિતાબેન પટેલ તેમજ અગ્રણીઓએ દિપ પ્રાગટ્ય કરી ટૂર્નામેન્ટનો પ્રારંભ કરાવ્યો હતો. મોડાસામાં સૌ પ્રથમવાર રાજ્યકક્ષાની ટૂર્નામેન્ટ શરૂ થતાં મોટી સંખ્યામાં ખેલાડીઓ તેમજ લોકો



ડીએલએલએસ હોલ ખાતે મ.લા. ગાંધી હાયર એજ્યુકેશન સોસાયટી કોલેજ કેમ્પસમાં શરૂ થયેલ ટૂર્નામેન્ટ સતત ત્રણ દિવસ સુધી ચાલશે. જેમાં ૭૦૦ જેટલા ખેલાડીઓ ૧૭ જિલ્લામાંથી જોડાશે. અરવલ્લી ઉપસ્થિત રહ્યા હતા. એસોસિએશનના પ્રમુખ ઋજુલભાઈ પટેલ તેમજ મ.લા. ગાંધી ઉ.કે. મંડળના પ્રમુખ નવીનભાઈ મોદી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## પૂર્વ સૈનિકો કે તેમના આશ્રિતોને વન રેન્ક વન પેન્શનનો લાભ મેળવવા મુશ્કેલી હોય તો સંપર્ક કરો

જિલ્લા સૈનિક કલ્યાણ અને પુર્નવસવાટ અધિકારીશ્રી મહેસાણા દ્વારા જિલ્લા અખબારી યાદીમાં જણાવાયું છે કે અત્રેની કચેરી હસ્તક આવેલ ત્રણ જિલ્લાઓ મહેસાણા, બનાસકાંઠા (પાલનપુર) અને પાટણ જિલ્લાઓમાં વસતા પેન્શન મેળવતા તમામ પૂર્વ સૈનિકો, દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓ તથા આશ્રિતો જેઓને વન રેન્ક વન પેન્શનનો લાભ હજુ સુધી મળેલ ન હોય કે મેળવવામાં મુશ્કેલી પડતી હોય તો તેઓએ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુર્નવસવાટ કચેરી, બહુમાળી ભવન, બ્લોક નં. ૨, ત્રીજો માળ, મહેસાણાનો ૧૧ થી ૧૬ વાગ્યા સુધી રૂબરૂ સંપર્ક સાધવો અથવા અરજીથી જાણ કરવી. એમ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રી, મહેસાણા દ્વારા જણાવાયું છે.

# મેઘરજના ભુવાલ ગામે ડાકણનો વહેમ રાખી પરિવાર પર લાકડીના ઘા ઝીંકાયા

મેઘરજ, તા. ૨૦

મેઘરજના ભુવાલ ગામે ખેત મજુરી કરી ગુજરાન ચલાવતાં એક શ્રમિક પરિવાર પર ગામના જ કેટલાક ઈસમો દ્વારા ડાકણનો વહેમ રાખી શ્રમિક પરિવાર પર જીવલેણ હૂમલો કરી લાકડીઓના ઘા ઝીંકાતા ઈજાગ્રસ્તને સારવાર અર્થે મેઘરજ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

ભુવાલ ગામના વતની કાંતિભાઈ ખાત્રાભાઈ જવાત ઉં.વ. ૪૫ શુક્રવારના રોજ રાત્રે દસેક વાગ્યે જમી પરવારી પોતાના પરિવાર સાથે ઘરની ચોપાડમાં સુતા હતા ત્યારે ગામના એક ઈસમે જીવાભાઈ ધુળાભાઈ જવાત લાકડી લઈ કાંતીભાઈના ઘરે આવ્યા હતા અને કહેવા લાગેલા કે તમો બંને જણા ડાકણ છો તમો અમારા પરિવારને ખાઈ જાવ છો તેવુ કહી મા બેન સામે બિભત્સ ગાળો



બોલવા લાગ્યા હતા અને ફરિયાદી કાંતીભાઈએ ગાળો બોલવાની ના પાડતાં જીવાભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અનો કાંતીભાઈને માથાના ભાગે લાકડી ઝીંકી દેતા કાંતીભાઈ ઈજાગ્રસ્ત થયા હતા જેથી ઈજાગ્રસ્ત કાંતિભાઈની પત્નિ વચ્ચે પડતાં આરોપીના અન્ય ઈસમો પણ લાકડી લઈ શ્રમિક પરિવાર પર તુટી પડ્યા હતા અને શ્રમિક પરિવારને લાકડીઓ તેમજ ગડદાપાટુનો માર માર્યો હતો. અને આરોપીઓ જતા જતા ઘર છોડી જતા રહો નહિતર જાનથી મારી નાંખવાની ધમકી આપતાં કાંતીભાઈએ ગામના ચાર ઈસમો જીવા ધુળા જવાત, રાજેશ જીવા જવાત, હરેશ બાબુ જવાત, વિજય જીવા જવાત તમામ રહે. ભુવાલ સામે મેઘરજ પોલીસમથકે આ ચાર ઈસમો સામે કાયદેસરની ફરિયાદ નોંધાવતા પોલીસે આ અંગે કાયદેસરની ફરિયાદ નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

# ફેસબુક પર પરિચય કેળવી બળાત્કાર ગુજાર્યો

ઊંઝા, તા. ૨૦

ઊંઝા ખાતે રહેતી એક પરણિત યુવતી સાથે ફેસબુક પર મેસેજ કરી પરિચય કેળવી ધાક ધમકી આપી ગાડીમાં બેસાડીને ફરવા લઈ જઈ હોટલમાં બળજબરીપૂર્વક બળાત્કાર કર્યા બાબતે ઊંઝા તાલુકાના કહોડા ગામના એક શખ્સ વિરૂદ્ધ સ્થાનિક પોલીસમથકે ફરિયાદ નોંધાતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર જાગી છે.


મૂળ પાટણ જિલ્લાની એક યુવતીએ એક વર્ષ અગાઉ અમદાવાદ મુકામે રાજીખુશીથી પ્રેમલગ્ન કર્યા હતા. એકાદ માસ ઉપર આ પરણિતાના ફેસબુક પર ઊંઝા તાલુકાના કહોડા ગામના એક શખ્સે હાઈ હેલોથી મેસેજ કર્યા હતા. મેસેજ કરનાર શખ્સે યુવતીનું મોસાળ જણાવી ઓળખ આપી હતી. ત્રણ ચાર દિવસ પછી યુવતી કોલેજમાં હતી ત્યારે આ શખ્સે યુવતીને મેસેજ કરી પોતાની સાથે ફરવા આવવાનું કહ્યું હતું. જેથી યુવતીને પોતે પ્રેમલગ્ન કર્યા છે, એટલે હું તારી સાથે ફરવા આવી શકુ નહી. તેમ જણાવતાં સદર શખ્સે યુવતીને ધાક ધમકીઓ આપી હતી. આથી યુવતી ગભરાઈ ગયેલ અને લગ્નજીવન બરબાદ થશે તેમ માની સદર શખ્સ સાથે ફરવા જવા માટે તૈયાર થયેલ. અને કોલેજમાંથી ટુરમાં જવાના બહાને ઊંઝાથી એકલી નીકળી બપોરના છાપી પહોંચી હતી. જ્યાં અલ્ટો મોટર કાર લઈને આવેલ શખ્સે યુવતીને ગાડીમાં બેસાડી આબુરોડ લઈ ગયેલ. જ્યાં એક હોટલના રૂમમાં બળજબરીપૂર્વક બળાત્કાર કર્યો હતો. બીજા દિવસે યુવતીને છાપી બસ સ્ટેન્ડ પર છોડીને આ શખ્સ ગાડી લઈને જતો રહ્યો હતો.

દરમિયાન યુવતી છાપીથી બસમાં બેસીને પોતાના પિયર ગઈ હતી અને ત્યાંથી ઊંઝા આવી પતિને સઘળી હકિકત જણાવતા પોલીસમાં ફરિયાદ કરવાનું નક્કી થતાં બળાત્કારનો ભોગ બનેલ યુવતીએ ઊંઝા પોલીસમથકે જઈ ફરિયાદ નોંધાવી હતી. આ અંગે ઊંઝા પોલીસે પટેલ વિપુલકુમાર જયંતિલાલ રહે. કહોડા, તા. ઊંઝા વિરૂદ્ધ બળાત્કારનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મેઘરજમાં પોલીસને બગાસુ ખાતા પતાસુ મળ્યું : બે આરોપી ઝડપાયા

મેઘરજ, તા. ૨૦

મેઘરજનગરમાં વેટેનરીમાંથી મોબાઈલ ચોરાયાની બાબતે લોકોએ એક ઈસમને પકડીને તેની રહેણાંકની દુકાન ઉપર પોલીસને બોલાવી મોબાઈલ શોધી રહ્યા હતા તે સમયે દુકાનની સાજલી ઉપર



એક કેરેટમાંથી ૨૦ જેટલા તુટેલા તાળા તેમજ બાઈકના એન્જીનના સ્પેરપાર્ટ મળતા પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળેથી એક ઈસમની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ મેઘરજનગરમાં છેલ્લા કેટલાય સમયથી બાઈકચોરીના બનાવો બની રહ્યા હતા ત્યારે થોડા દિવસ અગાઉ મેઘરજ વેટેનરીમાંથી એક ઈસમનો મોબાઈલ ખોવાયો હતો જેમાં ઉત્તરપ્રદેશના અને હાલ મેઘરજ નગરમાં રહી શાકભાજીનો વેપાર કરતાં ઈસમને મેઘરજની વેટેનરી આગળ યુવાનો ભેગા થઈ શકમંદના રહેણાંક વેટેનરીની બિલકુલ બાજુમાં હોય તપાસ કરતાં પહેલા પોલીસને બોલાવી સમગ્ર ઘટનાથી વાકેફ કરી રહેણાંક દુકાનની તપાસ કરતાં સાજલી ઉપરથી આશરે ૨૦ જેટલા તુટેલા તાળા અને ખોલેલી બાઈકના સ્પેરપાટ મળી આવતા મોટર સાયકલના સ્પેરપાર્ટ તેમજ તુટેલા તાળા કબજે લઈ પોલીસે ત્રણ શકમંદોની પૂછપરછ કરતાં એક આરોપી રણજીતરામ ઉત્તરપ્રદેશ અને હાલ મેઘરજમાં રહી શાકભાજીનો વેપાર કરતાં એ પોલીસ સમક્ષ જણાવ્યું હતુ કે આ બાઈક તેણે રૂ. ત્રણ હજારમાં વેચાતુ લીધુ હતુ અને મેઘરજના ફિયાજ નામનો ઈસમ તેની પાસે આવ્યો હતો અને રણજીતનું બાઈક બગડી ગયેલું હોય તેણે ત્રણ હજારમાં ફિયાજ પાસેથી બાઈક લીધેલું બાઈક લીધાના બીજા દિવસે ફિયાજ મોડાસાના એક કારીગરને લઈને આવ્યો હતો અને ચોરીના બાઈકનું એન્જિન કાઢી રણજીતની બગડી ગયેલી બાઈકમાં લગાવી દીધુ હતુ. મેઘરજ પોલીસે રણજીતના સ્ટેટમેન્ટના આધારે ફિયાજની પણ ધરપકડ કરી હતી. ફિયાજની પોલીસે પુછપરછ કરતાં આ બાઈક ગત નવરાત્રીના છેલ્લા દિવસે મેઘરજના ઈન્દિરાનગરમાંથી ચોરેલ હતુ. જેથી પોલીસે તપાસ કરતા મેઘરજના ઈન્દિરાનગરમાંથી ગત નવરાત્રીએ એક ભરવાડનું બાઈક ચોરાયું હતુ તેની જાણ મેઘરજ પોલીસ સ્ટેશને જે તે દિવસે કરાઈ હતી. પોલીસે આ બંને આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની વધુ તપાસ હાથ ધરી છે.

# મોડાસાના બુટાલવાડામાં જર્જરિત કિરાણા સ્ટોર્સ સહિત બે ઈમારતો ધરાશાયી

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લામાં સપ્તાહ પહેલા થયેલા ભારે વરસાદથી જર્જરીત મકાનોના પાયા હચમચતા જિલ્લામાં ચોમાસાની સીઝનમાં ૧૦ મકાનો ધરાશાયી થવાની ઘટના



બનતા વ્યાપક નુકશાન થયુ હતુ. જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના જુના વિસ્તારમાં અનેક મકાનો અને દુકાનો વર્ષો પુરાણી હોવાથી જર્જરીત અને ખખડધજ બની જતા નગરપાલિકા તંત્ર દ્વારા જૂજ મકાન માલિકો અને દુકાનદારોને નોટિસ પાઠવી સંતોષ માન્યો હતો. નગરપાલિકા તંત્રની તાકીદ પછી પણ દુકાનદારો અને પ્રજાજનો જીવના જોખમે ધંધો અને વસવાટ કરી રહ્યા છે. શુક્રવારે રાત્રીના ૮.૩૦ કલાકે એક ઈમારત ધરાશાયી થઈ બાજુની ઈમારત અને કિરાણા સ્ટોર્સ પર પડતા કિરાણા દુકાન સહિત બે ઈમારતો ધરાશાયી થઈ હતી. દુકાનમાં ત્રણ વેપારીઓ ધડાકાનો અવાજ સાંભળી બહાર દોડી આવતા આબાદ બચાવ થયો હતો. ઈમારત ધીમે ધીમે હાલક-ડોલક થતા અફડાતફડી મચી હતી.

મોડાસાના જુનાબજાર વિસ્તારમાં દૂર્ગાશંકર શાહ નામના વેપારીની કિરણાસ્ટોર્સની દુકાન સહિત અન્ય ઈમારત ધરાશાયી થતા ભારે અફડા-તફડી મચી હતી. શુક્રવારે રાત્રીના ૮.૩૦ કલાકે દુર્ગાશંકર શાહ અને અન્ય બે લોકો તેમની કિરાણાની દુકાનમાં બેઠા હતા ત્યારે બાજુમાં રહેલી જુની જર્જરીત ઈમારત ધરાશાયી થઈ તેમની ભોય તળિયા પર કિરણા સ્ટોર્સની દુકાન સહિત અન્ય દુકાન પર પડતા બે ઈમારતો ધરાશાયી થઈ હતી. સદનસિબે બાજુની ઈમારત પહેલા ધરાશાયી થતા વેપારી સહિત અન્ય બે વેપારીઓનો આબાદ બચાવ થયો હતો. દુકાનમાં કરિયાણાનો માલ ભરપુર ભરેલો હોવાથી તમામ માલ-સામાન કાટમાળ હેઠળ દબાઈ જતા વહેપારીઓને વ્યાપક નુકશાન થયુ હતુ. દિવસભર સતત લોકોની અવરજવર રહેતી હોય છે, જો દિવસ દરમિયાન આ બન્ને ઈમારતો



ધરાશાયી થવાની ઘટના બની હોય તો જાનમાલનું નુકશાન થયાનો ભય બુટાલવાડાના રહિશોએ વ્યક્ત કર્યો હતો. બન્ને દુકાનદારો જર્જરીત હોવા છતાં વેપારીઓ દ્વારા જાનના જોખમે વહેપાર કરવામાં આવી રહ્યો હતો. બન્ને ઈમારતો ધરાશાયી થતા મોડાસા શહેરના દુકાનદારો, પ્રજાજનો અને બુટાલવાડાના રહીશો દોડી આવતા અને અન્ય બાજુની એક જર્જરીત ઈમારત હાલક-ડોલક થતા અફડાતફડી મચી હતી. મોડાસા નગરપાલિકા તંત્રને દુકાન સહિત ઈમારત ધરાશાયી થવાની ઘટનાની જાણ થતા ફાયરબ્રિગેડની ટીમ સાથે દોડી આવ્યા હતા. નગરપાલિકાતંત્ર દ્વારા શનિવારે બે ઈમારતોની અડીને બાજુમાં રહેલી અન્ય બે જર્જરીત ઈમારતો જેસીબી મશીન દ્વારા તોડી પાડવામાં આવી હતી.